પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૫૦ | ૮ ઓગસ્ટ, ૨૦૧૮, બુધવાર; અષાઢ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## પ્રભાતના પગરવ...

### અનોખી ભાત પાડતી સંસ્કાર સેવા...


આજે વાત સંસ્કારસેવાની કરવી છે. એક યુવાનને વિચાર આવ્યો કે માહિતી અને ટેકનોલોજીના વિસ્ફોટ વચ્ચે આપણી સામાજીક સંસ્કૃતિ અને સંસ્કાર ઘસાતા જાય છે. આપણી રીતભાત ભુલાતી જાય છે. આપણા પર્વો ને પ્રસંગોની ઉજવણી ફીક્કી પડતી જાય છે. કારણ કે સૌ મોબાઈલમાં વ્યસ્ત થઈ ગયા છે. અબાલવૃદ્ધ મોબાઈલના કારણે સંવેદના અને સંસ્કારોથી ધીમે ધીમે દૂર જતાં જાય છે ત્યારે 'સંસ્કાર સેવા'ની નાનકડી મીણબત્તી લઈને, નાનકડી પણ મહત્વની સેવા કરી રહેલ યુવાન તુષાર દવેની ઉમળકાથી પીઠ થાબડવી છે.

હા..! કામ ખુબ જ નાનુ છે, પણ પાયાનું છે. સેક્ટર-૭ના મુખ્ય બગીચામાં દર રવિવારે ૩૫-૪૦ બાળકોને એકત્ર કરે છે. અડધો-પોણો કલાક સંસ્કારલક્ષી વાતો માંડે છે. આત્મવિશ્વાસ અને આત્મ ગૌરવ વધે તેવી ઉદાહરણો સહિતની ચર્ચાઓ થાય છે. બાળકોના ઉત્સાહમાં વધારો થાય એવી આપણી પ્રાચીન રમતો શીખવાડાય છે અને રમાડાય છે. વાત એટલેથી જ નથી અટકતી, પણ એ સપ્તાહમાં આવતા પર્વો-પ્રસંગોનું મહિમાગાન થાય છે. રક્ષાબંધન હોય તો લાડલી બહેનના ગીતો ગવાય અને નાની-નાની દિકરીઓ જાતે બનાવેલી રાખડી બાળકોને બાંધે છે. સ્વાતંત્ર્ય દિવસની વાત હોય કે ગણતંત્રની વાત હોય ત્યારે ત્રિરંગાની રંગોળી પુરાવ અને દેશભક્તિના ગીતોનો ગુંજારવ થાય. પ્રત્યેક પર્વની સહજ ઉજવણી બાળકો દ્વારા કરાવવા પાછળ હેતુ એ છે કે આપણી સંસ્કૃતિની સીધી અનુભુતી બાળકોને થાય. એના માટે બે કલાક સમૂહમાં ઉલ્લાસની અભિવ્યક્તિ કરે છે. ક્યારેક ક્યારેક રાજ્યપાલશ્રીની, કે મુખ્યમંત્રીની મુલાકાતે પણ બાળકોને લઈ જવાય છે. મહાત્મા મંદિર હોય કે ઈન્દ્રોડા ઉદ્યાન હોય, અક્ષરધામ હોય કે રેલવે સ્ટેશન હોય બાળકોને પ્રત્યક્ષ મુલાકાત કરાવવાનો અભિગમ પ્રશંસનીય રહે છે. પણ સૌથી વધારે ધ્યાન ખેંચતી બાબત એ છે કે રોજીંદી બાબતમાં સ્વચ્છતા કેમ જાળવવી એના સંસ્કારનું સિંચન થાય છે. જ્યાં ત્યાં કચરો ના ફેંકવો, રસ્તા પર પડેલા પત્થરને દૂર હટાવવો જાહેરમાં કચરો ના બાળવો, વૃક્ષોની સેવા માટે રાખડી બાંધવી જેવા અનેક આયામો સંવેદના પ્રગટાવે છે.

હા..! પ્રવૃત્તિઓનો ધમધમાટ શહેરમાં ઘણો છે. આવા ઉત્તમ કામો અનેક સંસ્થાઓના માધ્યમથી ચાલી રહ્યા છે. તે સૌને આદરપૂર્વક વંદન છે. એ સૌ સમાજ ઘડતરમાં મહત્વનું યોગદાન કરી રહ્યા છે એવા સૌ સંવાહકોને સલામ છે. પરંતુ આટલી બધી પ્રવૃત્તિના ધમધમાટ વચ્ચે એક નાનકડા ટમટમતા કોડિયામાંથી પ્રગટતો પ્રવૃત્તિનો પ્રકાશ સેવાની નવી ઉર્જા પાથરે છે. નિજાનંદ માટે સંસ્કાર પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહેતા કર્મશીલ યુવાન તુષાર દવેને આજની પ્રભાતે અભિનંદનથી પોંખીએ.

# ડીએમકેના સુપ્રીમો કરૂણાનિધિનું નિધન

**લાખો સમર્થકોમાં દુઃખનું મોજુ : તમિળનાડુના પાંચ વખત મુખ્યમંત્રી રહ્યા, કલાઈનારથી લોકપ્રિય થયા : છ દશક રાજકીય કેરિયરમાં રાજનીતિમાં મુખ્ય કેન્દ્ર તરીકે રહ્યા હતા : ૫૦ વર્ષ સુધી ડીએમકે પ્રમુખ : રાષ્ટ્રપતિ, વડાપ્રધાન દ્વારા પણ દુખ વ્યક્ત કરાયું**



ચેન્નાઈ,તા. ૭

તમિળનાડુના પાંચ વખતના મુખ્યમંત્રી રહેલા અને કલાઈનારના નામથી લોકપ્રિય ડીએમકેના પ્રમુખ મુથ્થુવેલ કરૂણાનિધિનું આજે સાંજે ચેન્નાઈની કાવેરી હોસ્પિટલમાં ૯૪ વર્ષની વયે અવસાન થતાં તેમના લાખો સમર્થકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. દ્રવિડ આંદોલનના પરિણામ સ્વરુપે કરૂણાનિધિ રાજકીયરીતે ઉભરી આવ્યા હતા. આશરે છ દશક સુધી રાજકીય કેરિયરમાં મોટાભાગે તેઓ તમિળનાડુના રાજનીતિમાં મુખ્ય ધ્રુવ તરીકે રહ્યા હતા. ૫૦ વર્ષ સુધી પોતાની પાર્ટીના પ્રમુખ તરીકે રહ્યા હતા. સોમવારના દિવસથી જ તેમની તબિયત સતત ખરાબ થઈ રહી હતી. તેમના પેટની અંદર એક ટ્યુબ મુકવામાં આવ્યું હતું જેથી દવાઓ અને ખાદ્ય ચીજવસ્તુઓ આપવામાં આવી રહી હતી. કરૂણાનિધિના બ્લડપ્રેશરમાં ઘટાડો થયા બાદ તેમની હાલત બગડી રહી હતી. શરૂઆતી સારવાર દરમિયાન તેમના બ્લડપ્રેશરને કાબૂમાં લેવાના પ્રયાસ થયા તા. શનિવારથી જ તેમની તબિયત વધારે લથડી ગઈ હતી. બહુમુખી પ્રતિભા તરીકે પણ તેમને ગણવામાં આવતા હતા. તેમના અવસાનથી તમિળનાડુમાં એક મોટી રાજકીય જગ્યા ખાલી થઈ છે. છેલ્લા એક વર્ષથી કરૂણાનિધિ ઘરની બહાર નિકળી રહ્યા ન હતા. લોકોને પણ ઓછું મળી રહ્યા હતા. ૨૯મી જુલાઈના દિવસે તેમને કાવેરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૯મી જુલાઈના દિવસે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા પરંતુ તેજ દિવસે તેમને રજા આપી દેવામાં આવી હતી. હોસ્પિટલમાં તેમની તબિયત ગંભીર બની ત્યારે સમર્થકો મેદાનમાં જમા થયા હતા અને તેમના માટે પ્રાર્થના કરી રહ્યા હતા. હોસ્પિટલે કહ્યું છે કે, આજે સાંજે ૬.૧૦ વાગે કરૂણાનિધિએ અંતિમ શ્વાસ લીધા હતા. કરૂણાનિધિને શ્રદ્ધાંજલિ આપવા માટે સમર્થકો

● અનુસંધાન પાન-૭ પર

## કેએમ જોસેફે સુપ્રિમ કોર્ટના જસ્ટિસ તરીકેના શપથ ગ્રહણ કર્યા

ન્યુ દિલ્હી,તા.૭

ઉત્તરાખંડ હાઈ કોર્ટના મુખ્ય જજ કેએમ જોસેફ તમામ વિવાદો બાદ આજે સુપ્રીમ કોર્ટમાં ત્રીજા ક્રમ માટે જસ્ટિસ તરીકેના શપથ ગ્રહણ કર્યા છે. સુપ્રીમ કોર્ટમાં નિમણૂંક માટે ત્રણ જજોની યાદીમાં જસ્ટિસ જોસેફનું નામ ત્રીજા નંબર પર છે. તેમના પહેલા જસ્ટિસ ઈન્દિરા બેનર્જી પ્રથમ અને જસ્ટિસ વીનિત સરન બીજા ક્રમ પર છે. શપથ ગ્રહણ સમારોહનો પ્રારંભ ઝતેંના કોર્ટરૂમમાં૧૦.૩૦ વાગ્યે થયો હતો અને સમારોહ સરળતાથી અને સાદાઈથી સંપન્ન કરાયો હતો.

ત્રણેય જસ્ટિસને ચીફ જસ્ટિસ દીપક મિશ્રાએ અનેક જજોની ઉપસ્થિતિમાં શપથ લેવડાવ્યા હતા. ત્યારે હવે ત્રણ જજની સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિમણૂક થયા બાદ કુલ જજની સંખ્યા ૨૫ સુધી પહોંચી છે. ઉલ્લેખનીય છે કે જસ્ટિસ બેનર્જી મદ્રાસ હાઈકોર્ટના.જસ્ટિસ સરન ઓડિશાના અને જસ્ટિસ જોસેફ ઉત્તરાખંડ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ છે.

ઘણા જજોઓ જસ્ટિસ જોસફના મુદ્દાઓ પર વાત કરતા કહ્યું કે આ બાબતમાં વરિષ્ઠતાનું ઉલ્લંઘન નથી થયું. જજોનું માનવું છે કે જસ્ટિસ બેનર્જી અને જસ્ટિસ સરન જસ્ટિસ જોસફથી વરિષ્ઠતા ક્રમમાં ઉપર છે.

## ઈરાનની સાથે વેપાર કરો કે અમેરિકા સાથે : ટ્રમ્પ

**ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણીથી વિશ્વના દેશો નાખુશ : ઈરાનની સાથે વેપાર કરનારા દેશો અમેરિકા સાથે વેપાર નહીં કરી શકે : ઈરાન પર નવેસરના કડક પ્રતિબંધ અમલી**

વોશિંગ્ટન, તા. ૭

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ વધુ એક જાહેરાત પણ કરી દીધી છે. ટ્રમ્પે કહ્યું છે કે, જે દેશ ઈરાનની સાથે વેપાર જારી રાખશે તે અમેરિકાની સાથે વેપાર કરી શકશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારથી ઈરાન ઉપર નવેસરના પ્રતિબંધ મુકી રહ્યા છે. ઈરાનથી આ પ્રતિબંધ ૨૦૧૫માં પરમાણુ કરાર થયા બાદ ઉઠાવી લેવામાં આવ્યા હતા. ટ્રમ્પના આ પ્રતિબંધના કારણે ભારત ઉપર પણ અસર થઈ શકે છે. ચીન બાદ ભારત ઈરાનના બીજા સૌથી મોટા તેલ આયાતકાર દેશ તરીકે છે. અમેરિકી પ્રતિબંધ બાદ ભારત હવે ધીમે ધીમે ઈરાનથી અન્યત્ર થઈ રહ્યું હતું. હાલમાં જ જૂન મહિનામાં ભારતે ઈરાનમાંથી ૧૨ ટકા ઓછી આયાત તેલની કરી હતી. ટ્રમ્પે ટ્વિટ કરીને કહ્યું છે

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### દિલ્હીના ધારાસભ્યોની ગ્રાન્ટમાં વધારો

દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકારની કેબીનેટે એક મોટો નિર્ણય લઈ ધારાસભ્યોની વિકાસગ્રાન્ટમાં વધારો કર્યો છે. ધારાસભ્યોને મળનારી ૪ કરોડની ગ્રાન્ટની રકમ વધારીને ૧૦ કરોડ કરવામાં આવી છે.

### સુપ્રિમ કોર્ટમાં ત્રણ મહિલા ન્યાયાધિશની નિમણૂંક

સુપ્રિમકોર્ટમાં ત્રણ મહિલા ન્યાયાધિશની નિમણૂંક કરવામાં આવી હોય તેવું પ્રથમવાર બન્યુ છે. ઈન્દિરા બેનર્જીએ સુપ્રિમના ન્યાયાધિશ તરીકે શપથગ્રહણ કર્યા છે. ન્યાયાધિશ ઈન્દુ મલ્હોત્રા અને આર. ભાનુમતિએ અગાઉ પદભાર સંભાળ્યો હતો.

### ૧૧મીએ ભાજપની કોલકતામાં જંગી રેલી

પશ્ચિમ બંગાળમાં પોતાની સ્થિતિને મજબૂત કરવા ભારતીય જનતા પાર્ટીએ ૧૧મી ઓગષ્ટે વિશાળ રેલીનું આયોજન કર્યુ છે.

### મહારાષ્ટ્રમાં ૧૭ લાખ કર્મચારીઓ હડતાલ પર

૭મા પગારપંચની ભલામણોના સ્વીકારની માંગણીને લઈને મહારાષ્ટ્રના ૧૭ લાખ સરકારી કર્મચારીઓ ૩ દિવસની હડતાલ પર ઉતર્યા છે. હડતાલથી સરકારી કાર્ય પર અસર પડી છે.

### મુંબઈ બીચ પર જેલીફીશનો આતંક

મુંબઈના વિવિધ બીચ પર ઝેરી બ્લુ બોટલ જેલીફીશ મોટી સંખ્યામાં જોવા મળી છે. અત્યાર સુધી ૧૫૦થી વધુ લોકો પર જેલીફીશે હૂમલો કર્યો હતો.

રક્તદાન કેમ્પ
તા. ૮/૮/૧૮ અને ૯/૮/૧૮
સવારે ૮ થી રાતના ૮
: સ્થળ :
શ્રદ્ધાદીપ બ્લડ બેંક
ઘ-૪, સેક્ટર-૧૬, ગાંધીનગર
જાહેર રક્તદાન કેમ્પ માટે સંપર્ક કરો.
મો. ૯૮૨૫૫ ૮૩૮૯૮

# દેશમાં આ શું થઈ રહ્યું છે? : સુપ્રિમ લાલઘુમ

**મુઝફ્ફરપુર, દેવરિયા શેલ્ટર હોમ દુષ્કર્મ મામલે સુપ્રીમ આકરાપાણીએ : આક્રમક અને અસરકારક કાર્યવાહી કરવા આદેશ**



નવીદિલ્હી,તા. ૭

પહેલા બિહારના મુઝફ્ફરપુર અને ત્યારબાદ ઉત્તરપ્રદેશના દેવરિયામાં શેલ્ટર હોમ રેપ કેસ પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટ આજે લાલઘુમ દેખાઈ હતી. આ મામલે સુનાવણી દરમિયાન કઠોર ટિપ્પણી સપાટી પર આવી હતી. સુપ્રીમ કોર્ટે મુઝફ્ફરપુર કેસની ગંભીર નોંધ લેતા બિહાર સરકારને જોરદાર ફટકાર લગાવી હતી. આ ગાળા દરમિયાન દેવરિયા શેલ્ટર હોમની યુવતિઓની સાથે થયેલા રેપનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે દેશભરમાં આ શુ થઈ રહ્યુ છે. લેફ્ટ, રાઈટ અને સેન્ટર , તમામ જગ્યાએ રેપના કેસ બની રહ્યા છે. તમામ જગ્યાએ રેપના બનાવો, આ થઈ શુ રહ્યુ છે તેવો પ્રશ્ન સુપ્રીમ કોર્ટે આજે કર્યો હતો.સુપ્રીમ કોર્ટે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના હેવાલને ટાંકીને કહ્યુ છે કે દરેક છ કલાકમાં એક યુવતિ પર રેપની ઘટના બની રહી છે. દેશભરમાં વર્ષમાં ૩૮ હજારથી વધારે રેપની ઘટના બની રહી છે. દેશમાં સૌથી વધારે રેપની ઘટના મધ્યપ્રદેશમાં બની રહી છે. બીજા નંબર પર ઉત્તરપ્રદેશ છે. સુપ્રીમ કોર્ટે નીતિશકુમાર સરકારને ફટકાર લગાવતા કહ્યું છે કે, રાજ્ય સરકાર ૨૦૦૪થી તમામ શેલ્ટર હોમને પૈસા આપી રહી છે પરંતુ સરકારને ખબર નથી કે ત્યાં શુ ચાલી રહ્યું છે. શેલ્ટર હોમમાં નિરીક્ષણ કરવાની જરૂરિયાત પણ અનુભવ કરવામાં આવી રહી નથી. એમ લાગે છે કે, આ ગતિવિધિ રાજ્ય પ્રાયોજિત છે. આ વિચારવાનો વિષય છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, મુઝફ્ફરપુરવાળું

● અનુસંધાન પાન-૭ પર

## ઈન્દ્રા નૂઈ આઈસીસીસી સાથે પોતાની નવી ઈનિંગ શરુ કરશે

**આઈસીસી બોર્ડની પ્રથમ સ્વતંત્ર મહિલા ડાયરેક્ટરના રૂપમાં કારકિર્દી શરુ કરશે**



ન્યુ દિલ્હી,તા.૭

ઈન્દ્રા નૂઈએ પેપ્સિકોના સીઈઓ પદ પરથી રાજીનામું આપી દીધુ છે. ૨૪ વર્ષ પહેલા તે આ કંપનીમાં જોડાયા હતા.ઈન્દ્રા નૂઈ હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ઝઝ) સાથે પોતાની નવી ઈનિંગ શરૂ કરી છે. તે આઈસીસી બોર્ડની પ્રથમ સ્વતંત્ર મહિલા ડાયરેક્ટરના રૂપમાં પોતાની કારકિર્દી શરૂ કરી દીધી છે.

ફેબ્રુઆરીમાં ઈન્દ્રાને ડાયરેક્ટર તરીકે પસંદ કરવાના સમયે આઈસીસીએ જણાવ્યુ હતું કે તે વર્ષના મધ્યમાં આઈસીસીમાં પોતાની જવાબદારી સંભાળશે, જૂન ૨૦૧૮થી જ તેમની કામગીરી શરૂ થઈ ગઈ છે. આઈસીસીએ ૨ વર્ષ માટે તેમને નિયુક્ત કર્યા છે. જોકે, કાર્યકાળ પૂર્ણ થયા બાદ તેમને ફરી નિયુક્ત કરવામાં આવી શકે છે, તે સતત છ વર્ષ સુધી આ પદ પર રહી શકે છે.

ઈન્દ્રા નૂઈનો જન્મ ચેન્નાઈમાં થયો હતો અને શરૂઆતનો અભ્યાસ પણ તેમને અહીં જ કર્યો. ઈન્દ્રા નૂઈએ કોલકાતાની આઈઆઈએસમાં અભ્યાસ કર્યો અને ભારતમાં જ પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી, તે બાદ તેમને અમેરિકામાં પણ અભ્યાસ કર્યો.

## સ્વાતંત્ર્ય દિનના કાર્યક્રમમાં ગેરહાજર રહેનાર અધિકારીઓની ખૈર નહિ

ન્યુ દિલ્હી,તા.૭

આ સ્વંત્રતા દિવસ પર દિલ્હીમાં ફરજ બજાવતા બધી જ સેવાઓનાં ઉચ્ચ અધિકારીઓને લાલ કિલ્લા પર યોજાનારા કાર્યક્રમમાં સામેલ થવું પડશે. હકીકતમાં અધિકારીઓને નિમંત્રણની સાથે ચેતવણી પણ આપવામાં આવી છે કે આ કાર્યક્રમમાં ન આવવાની ભૂલનું ગંભીર પરિણામ ભોગવવું પડી શકે છે.

નોંધનીય છે કે દર વર્ષે ૧૫ ઓગસ્ટ એટલે સ્વંત્રતા દિવસે લાલ કિલ્લા પર આયોજીત કાર્યક્રમમાં પીએમ રાષ્ટ્રને સંબોધિત કરે છે. આ કાર્યક્રમમાં બધા જ મંત્રી, ઉચ્ચ રાજકિય નેતાઓ, સૈન્યનાં પ્રમુખ, વિવિધ દેશોનાં રાજદૂત હાજર રહે છે. આવામાં ઉચ્ચ અધિકારીઓને પણ આમંત્રિત કરવામાં આવે છે અને અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ હાજર રહે. કેબિનેટ સેક્રેટરી દ્વાર જાહેર કરવામાં આવેલા ઓફિસ મેમોરેન્ડમમાં જણાવવામાં આવ્યું છે કે વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રનાં નામ પર સંબોધિત થનાર ૧૫ ઓગસ્ટ સમારોહમાં બધા જ આમંત્રિત અધિકારીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ કાર્યક્રમમાં અચૂક હાજર રહે. આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સમારોહમાં ઓછી ઉપસ્થિતી ના દેખાય તેના માટે કેબિનેટ સચિવાલય દ્વારા આ સુચનાં આપવામાં આવી છે. આ વખતે પીએમ મોદીનું તેમના કાર્યકાળમાં છેલ્લી વખત ૧૫ ઓગસ્ટ કાર્યક્રમને સંબોધિત કરશે. જો કે તેઓ ૨૦૧૯ની ચૂંટણીંમાં વિજ્ય પ્રપ્ત કરે તો ફરીથી ૧૫ ઓગસ્ટ, ૨૦૧૯માં સંબોધન કરશે.

## ઈવીએમને આધાર સાથે જોડવા ચૂંટણી પંચની તૈયારી

**રાજકીય પક્ષો દ્વારા ઈવીએમનો વિરોધ બાદ ચૂંટણી પંચ સુદ્રઢ બનાવવાની તૈયારીમાં લાગ્યુ : સુપ્રીમ કોર્ટના ચુકાદાની રાહ**

ન્યુ દિલ્હી,તા.૭

રાજકીય પક્ષો દ્વારા ઈવીએમના વિરોધ વચ્ચે ચૂંટણી પંચ ભવિષ્યની નવી તકનીકો પર વિચારણા કરી રહ્યું છે. આ કડીમાં ઈવીએમમાં તકનીકી સુધારણા કરીને તેમા આધાર પ્રમાણીકરણની સુવિધા પણ નાખવામાં આવે તેવી શક્યતા છે. આ નવી વ્યવસ્થાના લાગુ થયા બાદ મતદાતાની ઓળખની ઝંઝટ પણ સમાપ્ત થઈ જશે અને આધાર પ્રમાણીકરણથી દ્વારા જ તેઓ વોટ નાખી શકશે. મુખ્ય ચૂંટણી કમિશનર ઓ. પી. રાવતે અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં કહ્યુ છે કે આધારના મામલામાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવવાનો બાકી છે.

● અનુસંધાન પાન-૭ પર

Kalpesh Astro Services
Kalpesh Upadhyay
Jyotir- Gyata, Jyotir Bhusan(HNGU)
Astrology | Numerology | Match Making | Vastu Consultant
Your Life Need Positive Changes......
સમય ને પરખો તક ને ઝડપો
Scientific Solutions
Just Call and Hear from our Side
kalpeshastrologer
Kalpesh Upadhyay
321, Akshar Arcade, Opp Memnagar Fire Station Navrangpura Ahmedabad - 380009
+91 88666 50725
kalpeshastro.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

આજે મંગલ પ્રારંભ
લીલાવતી આંખની હોસ્પિટલ
૮ ઓગસ્ટ, ૨૦૧૮, બુધવાર ● સમય : સાંજે ૫-૦૦ વાગ્યાથી...
ડો. પાર્થ એન. ખત્રી
એમ.બી.બી.એસ., એમ.એસ. (ડી.ઓ.)
ફેકો અને લેસીક સર્જરીના કન્સલ્ટન્ટ આંખના સર્જન
લીલાવતી આંખની હોસ્પિટલ
દેનાબેંકની પાછળ, આવકાર હોટલની પાછળ, શ્રદ્ધાદીપ લેબોરેટરીની ઉપર, ઘ-૪ સર્કલ પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર
(સમય : સોમવારથી શનિવાર સાંજે ૫:૦૦ થી ૮:૩૦)
મો. ૯૯૦૯૫ ૧૨૮૭૩ ● Email : khatri.parth@gmail.com